# મંજૂરી છતા માણસામાં 'આપ'ના કાર્યકરોની અટકાયત

## લોકશાહીનું સરેઆમ કત્લ કરવામાં આવ્યું છે : આપ

ગાંધીનગર, તા. ૧૧ માણસા ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ભૂગર્ભ ગટર યોજનાનું ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારે ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યકરોએ મૌન પ્રદર્શન યોજવા માટે લેખિત પરવાનગી માંગી હતી અને પરવાનગી મળી પણ હતી. છતાં ગાંધીનગર એલસીબીએ અટકાયત કરતા 'આપ' દ્વારા નિંદા કરવામાં આવી છે.



ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા મુખ્યમંત્રીના કાર્યક્રમ સામે મૌન દેખઆવો પ્રદર્શન કરવા માટે લેખિત મંજૂરી માંગવામાં આવી હતી. તંત્ર દ્વારા દેખાવો, મૌન પ્રદર્શન કરવાની પરવાનગી આપવામાં આવી હોવા છતાં પાર્ટીના સક્રિય કાર્યકર રાકેશ પ્રજાપતિ અને કિશનની અટકાયત કરી ગાંધીનગર એલ.સી.બી. ખાતે રાત્રીના ૧૦.૦૦ વાગ્યા સુધી નજરકેદ કરવામાં આવ્યા હતા.

આમ આદમી પાર્ટીના કાર્યકરોની અટકાયત કરવામાં આવતા પાર્ટીમાં અને માણસામાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. લોકશાહીનું સરેઆમ ખૂન કરવામાં આવ્યું છે. 'આપ' પાર્ટીએ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે.



સેક્ટર-૮ સેંટ ઝેવિયર્સ શાળાના સ્ટાફે આજે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર દાંડીકુટીરની મુલાકાત લીધી હતી. જ્યાં દાંડીકુટીરમાં નિર્માણ કરેલ આધુનિક ટેકનોલોજીને જોઈ અને જાણી હતી.

# શિક્ષિત સમાજના નિર્માણ માટે શૈક્ષણિક ગુણવત્તા પણ મહત્વની : અજય ભાદુ

હિંમતનગર, તા.૧૧ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે આજીવન શિક્ષક એવા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના કર્મઠ નેતૃત્વ હેઠળની આ રાજય સરકારે શિક્ષણ



શિક્ષણના સર્વાંગી વિકાસ માટે અને ખાસ કરીને કન્યા કેળવણીના જનઆંદોલન દ્વારા ૧૦૦ટકા નામાંકનના ધ્યેયને શાળા પ્રવેશોત્સવ જેવા માધ્યમથી હાંસલ કર્યો છે, તેમ મુખ્યમંત્રીના સચિવ અને માહિતી અને પ્રસારણ વિભાગના અગ્રસચિવએ ગુરૂવારે તલોદ તાલુકાના તોરણીયા ખાતે આવેલ પ્રાથમિક શાળામાં બાળકોને પ્રવેશ અપાવ્યા બાદ જણાવ્યું હતું. તેજ પ્રમાણે હિંમતનગર તાલુકાના જેઠીપુરા અને હાજીપુર પ્રાથમિક શાળામાં જિલ્લા પંચાયતના પ્રમુખ શાન્તાબેન પટેલની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.

તલોદ તાલુકાના ૮૫૦ની વસતી ધરાવતા તોરણીયા ગામની પ્રાથમિક શાળામાં ગુરૂવારે પ્રવેશ મેળવતા નવાગંતુક બાળકોને શાળા પ્રવેશ પ્રસંગે શુભેચ્છા પાઠવી સચિવ ભાદુએ આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષિત સમાજના નિર્માણ માટે માત્ર ભૌતિક સુવિધા જ નહીં પરંતુ શૈક્ષણિક ગુણવત્તા પણ મહત્વની છે. ભાદુએ ઉમેર્યું હતું કે, સુવિધામાં વધારો કર્યો છે, શાળામાં વર્ગખંડો વધ્યા છે. સ્વચ્છતા સંકુલો નિર્માણ પામ્યા છે, પ્રત્યેક વર્ગને શિક્ષકો પૂરા પાડવામાં આવ્યા છે. આ બધી જ સુવિધાના કારણે સો ટકા નામાંકનના ધ્યેયને હાંસલ કરીને ગુજરાતે ડ્રોપ આઉટ રેશિયાને લગભગ શુન્ય કરી નાંખ્યો છે.

તેમજ ૨૧મી જૂન વિશ્વયોગ દિવસ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના પ્રયાસોથી ઉજવાઇ રહયો છે ત્યારે સૌને આ દિવસે સામૂહિક યોગમાં જોડાવા તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કલેકટર પી.સ્વરૂપ, તાલુકા પંચાયત પ્રમુખ બંસીધર મહેતા, એ.પી.એમ.સી.ના ચેરમેન ગજેન્દ્રસિંહ, ગામના સરપંચ સહિતના અગ્રણીઓ, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

ખેડબ્રહ્મા :રાજયમાં ગુરૂવારથી આરંભાયેલા ત્રિદિવસીય કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ૨૦૧૫ કાર્યક્રમના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં જિલ્લા પ્રભારી અને ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલ કરાવ્યો હતો જયાં બાવળ કાંઠીયા, નાના સેબલીયા અને



પાટડીયા શાળાના ૩૧ કુમાર અને ૨૩ કન્યાઓ મળી કુલ ૫૪ પ્રવેશપાત્ર બાળકોનું નામાકંન કરવામાં આવ્યું હતું.

આંગણવાડી કેન્દ્રમાં ૧૩ ભુલકાઓને રમકડાનું વિતરણ મંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઇ મકવાણા, માર્કેટ યાર્ડના ચેરમેન જશુભાઇ પટેલ ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી સકસેના સહિત ગામના આગેવાનો, ગ્રામજનો શાળાના શિક્ષકો અને બાળકો ઉપસ્થિત રહયા હતા.

## હિંમતનગરના સ્ટેશન રોડ વિસ્તારમાં એકટીવાની ચોરી

હિંમતનગર, તા.૧૧

હિંમતનગરના સ્ટેશન રોડ વિસ્તારની એક દુકાન પાસેથી પાંચેક દિવસ અગાઉ કોઇ ગઠિયો લોક કરી પાર્કીંગ કરેલું રૂા.૪૦ હજારની કિંમતના એકટીવાનું લોક તોડી ચોરી કરી જતા વાહન ચોરીની ઘટના અંગે બુધવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી.

પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર સ્ટેશન રોડ પર આવેલા ભીલવાસમાં રહેતા રાજેશકુમાર ભેરાભાઈ બારોટે પોતાનું એકટીવા નં. જીજે. ૯. સીકે. ૦૫૫૫ ગત શુક્રવારે કુલદીપ નામની દુકાન પાસે લોક કરી પાર્ક કર્યુ હતું. રૂા.૪૦ હજારના એકટીવાનું કોઇ ગઠિયાએ લોક તોડી ચોરી કરી ભાગી છુટયો હતો. વાહન ચોરીની ઘટના અંગે વાહન માલિકે બુધવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## દાંતાની દૂધ મંડળીના નવીન 'દૂધઘર' અને 'બલ્કયુનિટ'નું ઉદ્‌ઘાટન કરાયું

બનાસડેરી સંલગ્ન દાંતા તાલુકાની ધી ભાંખરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના નવીન 'દૂધઘર'નું ઉદ્‌ઘાટન બનાસડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળની અધ્યક્ષતામાં અને એમના વરદ્ હસ્તે તથા નવીન 'બલ્કયુનિટ'નું ઉદ્‌ઘાટન દાંતા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી કાન્તિભાઈ ખરાડીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક બનાસડેરીના ચેમરેન પરથીભાઈ ભટોળે મંડળીના ચેરમેન તેમજ મંત્રી અને કમીટી સભ્યોને સર્વપ્રથમ અભિનંદન આપી જણાવેલ કે આપ સૌ દૂધ ઉત્પાદકોએ મળી જિલ્લામાં અદ્યતન નવિન મકાનનું ઉદ્‌ઘાટન કરી નવો રાહ ચીંધ્યો છે. ખેડૂતોનો મુખ્ય ધંધો ખેતી છે પરંતુ અત્યારે પરિસ્થિતિ બદલાઈ છે દૂધનો ધંધાને પશુપાલક ખેડૂતોએ મુખ્ય ધંધો બનાવ્યો છે. દૂધના એકમાત્ર ધંધો જે દર વર્ષે સતત ભાવ વધારે આપે છે જ્યારે અન્ય ધંધાઓમાં આવક સ્થિર નથી. ચાલુ સાલે આપણે દૂધ ઉત્પાદકોને ભાવવધારો રૂ. ૫૯૦ કરોડનો ચુકવવામાં આવશે જેનો વર્ષ આખરનો સરેરાશ ભાવ રૂ. ૬૮૨ પ્રમાણે ચૂકવાશે જે આજ સુધીના ઈતિહાસમાં વિક્રમી છે, જેના લીધે આવનાર બે વર્ષમાં ૫૧ લાખ લીટર કરતાં પણ વધુ દૂધની આવકમાં વિક્રમી વધારો થવાનો છે. ચાલુ સાલે બનાસડેરીનું ટર્નઓવર રૂ. ૫૪૪૨ કરોડને પાર થયું છે. દરેક સભાસદ દૂધ મંડળીને મંદિર-મસ્જિદ માની સ્વચ્છતા જાળવે એવું ખાસ સુચન કર્યુ હતુ. વધુમાં વર્તમાન સમયમાં શિક્ષણ વિનાનો વ્યક્તિ અંધ સમાન છે જેથી આ અંતરિયાળ વિસ્તારમાં પણ નવીન સ્કૂલો બને અને વધુમાં વધુ શિક્ષણ કેળવાય એ જરૂરી છે. આ પ્રસંગે બનાસડેરીના ડીરેક્ટર દિનેશભાઈ ભટોળ, ભાવાજી રબારી, માજી ડીરેક્ટર હેમરાજભાઈ ઉપલાણા, સામાજીક અગ્રણી નુરભાઈ ઉમતીયા, માજી તાલુકા પંચાયતના પ્રમુખ જાકીરભાઈ અથાણીયા, માજી તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિરૂસિંહ તેમજ સહકારી આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં દૂધ ઉત્પાદકો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહી પ્રસંગની ગરીમા વધારી હતી.

## શનિવારે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૧

અમદાવાદના નવાપુરા બહુચર માતાના મંદિરમાં ભુલાપાર્ક ખાતે તા. ૧૩મી જુનના રોજ શ્રીમતી ભાવનાબેન વિનોદકુમાર ગોકલાણીના કંઠે અખંડ ધુન આનંદનો ગરબો યોજાશે તેમ શ્રીમતી પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે જણાવેલ છે.

## ઈન્ફોસીટી સ્કૂલમાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ઈન્ફોસીટી જુનિયર સાયંસ કોલેજમાં ધોરણ-૧૧ પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. ઉત્સાહપૂર્ણ માહોલમાં વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી આનંદ વ્યક્ત કર્યો હતો.

શાળાના ડાયરેકટર શૈલેષ પંડ્યાએ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા અને વિદ્યાર્થીઓને શાળાના નિયમોથી અવગત કરાવ્યા હતા. વિદ્યાર્થીઓને એસ.એસ.સી.માં પાસ થવા બદલ અભિનંદન પાઠવી આગળના ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓને તનતોડ મહેનત કરવા જણાવ્યું હતું.

વિદ્યાર્થીઓને સર્વે શિક્ષકોનો પરિચય કરાવ્યો હતો. પુસ્તક અને નોટબુકોનું વિતરણ કર્યુ હતું. વિદ્યાર્થીઓએ પ્રથમ દિવસનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

## શબ્દાવલી - ૫૭૫૭



| આડી ચાવી | |
|---|---|
| ૧. જાળવણી | (૩) |
| ૩. આગવું તે, પધારવું | (૪) |
| ૬. લપેડા | (૩) |
| ૭. નમન કર નીચો... | (૨) |
| ૮. ઘડા જેવું માટીનું વાસણ (નાનકડું) | (૩) |
| ૧૦. મૃત્યુ, મોત | (૪) |
| ૧૨. સાંકળ | (૨) |
| ૧૩. સમાચાર | (૩) |
| ૧૪. સીધુ, અવળું નહિ તેવું | (૩) |
| ૧૫. ઉઠાવ, દેખાવ | (૨) |
| ૧૭. રાહ, કેડી, રસ્તો | (૨) |
| ૧૮. આશ્વાસન | (૩) |
| ૧૯. વાડાનું ઊંધુ... થાય | (૨) |
| ૨૦. યશ, કિર્તી | (૨) |
| ૨૧. આવનજાવન, આવવું જવું | (૬) |

| ઊભી ચાવી | |
|---|---|
| ૧. એક જળચર પક્ષી | (૫) |
| ૨. નથ, નથણી | (૩) |
| ૩. વ્યવસ્થિત ના હોય તેવું | (૫) |
| ૪. ... વાચા-કર્મણા, મનના વિચારોથી | (૩) |
| ૫. નમવું તે | (૩) |
| ૯. એક જાતની વસ્તુઓની માળા કે પંક્તિ | (૨) |
| ૧૧. વટ, ઝાડ | (૨) |
| ૧૩. પગથિયાંવાળો કુવો, અડાલજની... | (૨) |
| ૧૪. સાથ, સંગાથ | (૪) |
| ૧૫. આશરો | (૨) |
| ૧૬. પતરાવળી | (૪) |
| ૧૭. મુકામ, ઉતારો | (૩) |
| ૧૮. આશ્રય, ભરોસો | (૩) |
| ૨૦. એક ધાન્ય | (૨) |

### શબ્દાવલી ૫૭૫૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) માલ (૩) તોફા (૬) અધ્યયન (૭) રસાલો (૯) રુમ (૧૦) પગલા (૧૧) આપવીતી (૧૩) સાર (૧૪) થર (૧૫) ભારતીય (૧૭) આડસ (૧૮) રથી (૧૯) વરોક (૨૧) તનકારો

**ઊભી ચાવી :-** (૧) માધ્યમ (૨) લય (૪) ફાગગતી (૫) ગોલો (૬) અરૂણ (૮) સાલા (૧૦) પવીત્ર (૧૧) આરતી (૧૨) આરસપાણ (૧૩) સારથી (૧૪) થડ (૧૫) ભારત (૧૬) યવન (૧૭) આકરો (૨૦) રોકા

## જ્યુપીટર ઈન્ફોમીડિયા લિમિ.-બીએસઈ એસએમઈથી બીએસઈ મેઈન બોર્ડ પ્લેટફોર્મ તરફ સ્થળાંતર કરનારી પહેલી ઈન્ટરનેટ કંપની

જ્યુપીટર ઈન્ફોમીડિયા લિમિ., બિઝનેસ, એનસાઈક્લોપીડિયા અને યેલોપેજિસના ઓનલાઈન પ્રકાશન સાથે ભારતની અગ્રણી વેબ ઈન્ફોમીડિયા કંપનીએ બીએસઈ એસએમઈ પ્લેટફોર્મથી બીએસઈ લિમિટેડના મેઈનબોર્ડ પ્લેટફોર્મ પર સફળતાપૂર્વક સ્થાનાંતરણ કરનારી પ્રથમ ઈન્ટરનેટ કંપની હોવાની વિશેષતા પ્રાપ્ત કરી છે. બોમ્બે સ્ટોક એક્ષચેન્જના ટ્રેડિંગ સભ્યોને આથી બુધવાર, ૩ જૂન, ૨૦૧૫થી અમલી થાય તેની જાણ કરવામાં આવે છે, જ્યુપીટર ઈન્ફોમીડિયા લિમિટેડ (જ્યુપીટેરિયન), જે અગાઉથી બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ હેઠળ યાદીમાં છે, તે હવે ડિલિંગ માટે બી ગ્રુપની યાદીમાં બીએસઈ મેઈનબોર્ડ પ્લેટફોર્મ પર સ્થળાંતર અને દાખલ કરવામાં આવશે.

જ્યુપીટર ઈન્ફોમીડિયા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ઉમેશ મોદીએ જણાવ્યું હતું કે, 'આરંભથી જ સતત નફાકારકતા અને ડિવિડન્ડ ટ્રેક રેકોર્ડ સાથે જ્યુપીટર ઈન્ફોમીડિયાએ એક અનન્ય ઈન્ટરનેટ કંપની છે. બીએસઈ મેઈનબોર્ડ પ્લેટફોર્મ પર સ્થળાંતર એ રિટેલ રોકાણકારો માટે અમારી વિકાસયાત્રામાં ભાગ લેવાની એક અદભુત તક છે. જ્યુપીટર ઈન્ફોમીડિયા ૧૫ લાખથી વધુ વેબપેજિઝ અને ૧૦ લાખથી વધુ રજિસ્ટર્ડ ગ્રાહકોની સંખ્યા ધરાવે છે.

## યામાહા વાજબી કિંમતે આકર્ષક, ઉત્તમ માઈલેજ ધરાવતું અને વ્યવહારિક 'સેલ્યુટો' રજૂ કરીને ૧૨૫ સીસીના સેગમેન્ટને વધારે મજબૂત બનાવે છે

ઈન્ડિયા યામાહા મોટર પ્રાઈવેટ લિમિટેડે આજે તેનું નવું ક્રાંતિકારી મોટરસાયકલ 'સેલ્યુટો' ભારતીય બજાર માટે લોંચ કરવાની જાહેરાત કરી હતી. નવું ૧૨૫ સીસીનું સેલ્યુટોની કલ્પનાનો આધાર 'વાજબી અને વ્યવહારિક ભારતીય કુટુંબ માટેનું મોટરસાયકલ' છે. આ નવું મોડલ ૧૨૫ સીસીની શ્રેણીમાં વજનમાં હળવું છે અને તેને વાજબી કિંમતે વ્યવહારિક કામગીરી અસરકારકરીતે બજાવે તેવા અને કુટુંબના તમામ સભ્યો માટે ઉપયોગી મોટરસાયકલ તરીકે વિકસાવવામાં આવ્યું છે. બ્લૂ કોર એન્જિન ડેવલપમેન્ટના આધારે તે નવું એન્જિન ધરાવે છે, જેમાં કમ્બશન ચેમ્બર કંપનીએ અગાઉ બહાર પાડેલા ૧૨૫ સીસીના મોડલની કમ્બશન ચેમ્બરની સરખામણીમાં નાની છે. તેની ઓછા વજનની વિસ્તૃત ડિઝાઈનને કારણે નવું મોડલ ૧૧૨ કિલોગ્રામ વજન સાથે તેની શ્રેણીમાં સૌથી ઓછું વજન ધરાવે છે, જેથી આ જ શ્રેણીમાં કંપનીના અગાઉના મોડલ્સની સરખામણીમાં ઈંધણમાં વપરાશમાં અંદાજે ૧૦ ટકાનો સુધારો થાય છે. સેલ્યુટો ૭૮ કિલોમીટર પ્રતિ કલાકની માઈલેજ આપે છે. ભારતીય બજારમાં વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા નવા સેલ્યુટોનું સસ્પેન્શન, ફૂટરેસ્ટ અને સીટ વધારે અનુકૂળતા પ્રદાન કરે છે. આપણે ત્યાં વાહનની પાછળ સીટ પર પેસેન્જર અવારનવાર મુસાફરી કરે છે. નવા મોડલમાં ટાંકીનું કવર રેઝિનનું છે, જે મોટરસાયકલની આકર્ષકતામાં વધારો કરે છે.

## વાવણીનો શુભાંરભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલુકામાં ધોધમાર વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડ્યા છે. આ ઉપરાંત રાજ્યના કેટલાક વિસ્તારોમાં પણ સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડ્યા છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં ઉકળાટ સાથે ભારે ગરમી પડતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ખેડૂતોએ વાવણીકાર્ય શરૂ કરતાં અને ચોમાસુ સમયસર બેસે અને વાવણીલાયક વરસાદ થાય તો આ વર્ષે વાવેતર વિસ્તાર વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## ગ્રામ્ય વિસ્તારોમાં આજથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૧

રાજયમાં આજથી ત્રણ દિવસ માટે શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં હાજરી આપવા મંત્રીઓ અધિકારીઓપ્રવાસેજતાં સચિવાલયમાં નીરવ શાંતિનો માહોલ સર્જાયો છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ આજથી રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ તબક્કાનો શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ આરંભ થવા પામ્યો છે.

મંત્રીઓ અને અધિકારીઓને જિલ્લા તાલુકાના ગામોમાં શાળા પ્રવેશોત્સવની જવાબદારીઓ સોંપવામાં આવતા મંત્રીઓ અને અધિકારીઓ આજથી ત્રણ દિવસના જિલ્લા તાલુકાના પ્રવાસે ગયા છે.

મંત્રીઓ અને અધિકારીઓ તેમને ફાળવેલા જિલ્લા તાલુકાની શાળાઓમાં જઈને બાળકોને શાળામાં નામાંકન કરાવીને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને સફળ બનાવવાના પ્રયાસો કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સનદી અધિકારીઓ ઉપરાંત વર્ગ-૧ કક્ષાના અધિકારીઓને પણ જવાબદારી સોંપવામાં આવેલી છે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં હાજરી આપવા મંત્રીઓ અને અધિકારીઓ જિલ્લા તાલુકાના પ્રવાસે જતાં સચિવાલયમાં મંત્રાલયો અને અધિકારીઓના કાર્યાલયો ખાલી ખમ ભાસતા હતાં. ત્રણ દિવસ માટે ગ્રામ્ય વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયા બાદ આગામી સપ્તાહમાં ત્રણ દિવસ શહેરી વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

### જાહેર નોટીસ

**નગર રચના યોજના ગુડા નં. ૭ (સરગાસણ-કુડાસણ-પોર)**

આથી જાહેર જનતાને જણાવવાનું કે સરકારશ્રી દ્વારા મંજુર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના ગુડા નં. ૭ (સરગાસણ - કુડાસણ - પોર)ની દરખાસ્તો બાબતે જમીન માલિકો તથા હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓ પાસેથી વાંધા સુચનો સ્વીકારવામાં આવેલ, ત્યારબાદ જમીન માલિકો તથા હિત ધરાવતી વ્યક્તિઓ દ્વારા રજૂ કરવામાં આવેલ વાંધા - સુચનો, આધાર પુરાવાને ગુણવતાના ધોરણે ચકાસી, મુળખંડની સામે અંતિમખંડ ફાળવવા અંગે કામચલાઉ પુનઃરચનાની દરખાસ્તો તૈયાર કરવામાં આવેલ અને તેની જાણ દરેક જમીન માલિકો તથા હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને અત્રેથી નોટીસ દ્વારા વ્યક્તિગત જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈને સરનામાને અભાવે કે બીજા કારણોસર નોટિસ મળેલ ન હોય તો તેમને આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં નીચેના સરનામે આવેલી કચેરીએ, રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમિયાન રૂબરૂમાં આવી કામચલાઉ પુનઃરચનાની દરખાસ્તોની સમજુતી મેળવી રૂબરૂમાં અથવા લેખિતમાં માલિકીના રેવન્યુ રેકર્ડ ૭/૧૨, લે-આઉટ નકશા, હિસ્સા માપણી શીટ તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા વિગેરે સાથે રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

ઉપર જણાવેલ સમય દરમિયાન જો કોઈ રજૂઆત કરવામાં નહીં આવે તો સંબંધિત જમીનો અંગે અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીન માલિક/ હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને બંધનકર્તા રહેશે જેની નોંધ લેવા વિનંતી છે.

**સરનામું :**
**નગર રચના અધિકારીની કચેરી**
**નગર રચના યોજના ગુડા એકમ-૧,**
**બ્લોક નં. ૧૩, ભોંયતળિયે,**
**ડો. જીવરાજ મહેતા ભવન,**
**જુના સચિવાલય, ગાંધીનગર**

**સહી/-**
**નગર રચના અધિકારી**
**નગર રચના યોજના ગુડા નં. ૭**
**(સરગાસણ-કુડાસણ-પોર)**
**ગાંધીનગર**

**માહિતી/૬૧૫/૧૫-૧૬**

## હરાજી રદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાંચ અને ડોકટર હાઉસના ત્રણ તથા કોર્પોરેટ હોસ્પિટલના પ્લોટનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેર આમેય વિવાદનગર તરીકે વધુ જાણીતું છે. આ નગરનો વિવાદ કેડો મુકતુ જ નથી. જો કે આ પ્લોટોની હરાજીના વિવાદો અખબારી માધ્યમોમાં પણ પ્રકાશિત થયા હતા જે ઉલ્લેખનીય છે.

આ મુદ્દે સરકારે પણ તંત્ર પાસે કેટલાક ખુલાસા માગ્યા હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં પ્લોટોની હરાજી રદ કરવાના જિલ્લાતંત્રનો નિર્ણય વાયુ વેગે શહેરમાં પ્રસરી જવા પામ્યો હતો.

## વરસાદી છાંટા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા બે-ત્રણ દિવસથી પારો ખૂબ જ નીચે પહોંચી ગયો છે. બીજીબાજુ રાજ્યમાં હવામાન વિભાગે આગાહી કરતાં કહ્યું છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદ થઈ શકે છે. જેમાં પશ્ચિમ ગુજરાત, સૌરાષ્ટ્ર, દિવ-દમણ, દાદરાનગર હવેલીમાં વરસાદ થઈ શકે છે. બીજીબાજુ અમદાવાદ શહેરમાં પણ ગાજવીજ સાથે પણ વરસાદ થઈ શકે છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. હાલમાં જ અશોબા વાવાઝોડાનું સંકટ ગુજરાત પર તોળાયું હતું. આ વાવાઝોડાની અસર હેઠળ ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદ પણ થયો હતો. જેમાં સૌરાષ્ટ્રનો સમાવેશ થાય છે. તાપમાનમાં એકાએક ઘટાડો થયો છે. હાલમાં જ તીવ્ર ગરમીના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. ગરમી સંબંધિત બનાવમાં વધારો થયો હતો. લોકો ભારે હેરાન પરેશાન દેખાયા હતા. ઝાડા-ઉલ્ટી, કમળા, ટાઈફોઈડ સહિતના રોગમાં પણ વધારો થયો હતો. પ્રદૂષિત પાણીના કારણે પણ રોગની સંખ્યામાં વધારો થયો હતો.

### ટેન્ડર નોટીસ

**સચિવાલય તાલીમ કેન્દ્ર, (સ્પીપા)**
**બ્લોક નં. ૧૬/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

સચિવાલય તાલીમ કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આયોજીત તાલીમ વર્ગોમાં આવતા તાલીમાર્થીઓને શુદ્ધ, સાત્વિક અને આરોગ્યપ્રદ સાદા ભોજનની સુવિધા આ તાલીમ કેન્દ્ર દ્વારા પુરી પાડવામાં આવે છે. નાણાંકીય વર્ષ : ૨૦૧૫-૧૬માં ભોજન સુવિધાનો કોન્ટ્રાક્ટ આપવાનો હોવાથી આ ક્ષેત્રમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા અને આ તાલીમ કેન્દ્રના ઉપર દર્શાવેલ સ્થળની આસપાસમાં નજીકમાં (ચાલીને જઈ-આવી શકાય તેટલા અંતરે) ભોજન સ્થળ ધરાવતા કેટરર્સ પાસેથી સાદા ભોજન (રોટલી, દાળ, ભાત, બે શાક (કઠોળ અને સીઝનલ લીલા શાકભાજી) સલાડ, પાપડ, છાસ)ના ભાવ ટેન્ડરથી મંગાવવામાં આવે છે.

રસ ધરાવતા કેટરર્સ તેઓના ભાવ પત્રક તા. ૧૮/૬/૨૦૧૫ થી તા. ૨૦/૬/૨૦૧૫ સુધીમાં કચેરી સમય દરમિયાન ૧૦:૩૦ થી ૨:૦૦ કલાક સુધીમાં રૂ. ૧૦૦/- રોકડા ટેન્ડર ફી સાથે સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે રૂબરૂ પહોંચડાવાના રહેશે.

**સ્થળ : સચિવાલય તાલીમ કેન્દ્ર ગાંધીનગર**
**તારીખ : / / ૨૦૧૫**
**માહિતી/૬૨૧/૨૦૧૫-૧૬**

**સહી/-**
**(જી. કે. ઠાકોર)**
**નાયબ સચિવ**